| Purav Solani | +91 9322994404 |
| Pinak Majmudar | +91 9920472203 |

(જા.ખ.)



Turkey
૧૦ રાત્રી / ૧૧ દિવસ
ઈસ્તાનબુલ, કાપ્પાડોસીયા,
અંટાલિયા, પામુકાલે, કુસાદાસી
• વર્લ્ડ ક્લાસ ટર્કીશ એરલાઈન્સ દ્વારા સફારી, જે ડાયરેક્ટ ટર્કી ૭ કલાકમાં પહોંચાડે છે, ના કે કોઈ વાયા ફ્લાઈટ દ્વારા
• આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ બ્રેકફાસ્ટ, લંચ, ડીનર આપણા ઉતારાની હોટેલના બેંક્વેટ હોલમાં જ.
• બધી ૪/૫ સ્ટાર હોટલમાં ઉતારો
• ઈસ્તાનબુલમાં ૫ સ્ટાર હોટલ સીટી સેન્ટરમાં ઉતારો
• કાપ્પાડોસીયામાં ૫ સ્ટાર ગુફાવાળી હોટલમાં ઉતારો
ટુર કોસ્ટમાં સામેલ
• કાપ્પાડોસીયામાં હોટ એર બલુન • ટર્કીશ નાઈટ શો
• ટનલ એક્વેરીયમ • સ્ટીમ્યુલેટેડ હેલિકોપ્ટર રાઈડ
• ઈન્ટરનલ ૨ ડોમેસ્ટીક ફ્લાઈટ
• એરપોર્ટ અને હોટેલમાં પોર્ટેજ સર્વિસીસ
• અમર્યાદિત બીસલેરી પાણી ટુર દરમ્યાન (બસ + હોટલ રૂમ)
• ઈન્સ્યોરન્સ • લોકલ ગાઈડ અને ડ્રાઈવર બંનેની ટીપ્સ
• ભારતીય ટુર મેનેજર અને રસોઈયાઓ બંનેની ટીપ્સ
Departure :
October 26* • November 2,6,10, 16
1, Palm View, Lakhamshi Napoo Rd., After Swami Narayan Temple, Opp. Vidyalankar Class, Dadar (E), Mumbai, INDIA.
URVI TOURS
where U's V meet to create memories...
022-2413 2281 | 022-2413 2283
022-2413 2282 | 09892720353
info@urvitours.com / www.urvitours.com
For more details & videos, review visit
facebook
Urvi Tours
BINITA SATISH MARU : 98690 34162
(જા.ખ.)

# GIFTING BAGS





Trendiest Bags made of Non-Woven Fabric especially for

- Return Gifts
- Weddings
- Birthdays
- Festival Season
- Boutiques





**Available at SHAH PACKAGING, Begum Bazar**

**9000522022 / 8309021029**

(જા.ખ.)

# મનોરંજન સમિતિ

સંચાલિક : પ્રતાપ જીલુભાઈ જાડેજા
ફોન : ૯૯૫૯૯ ૪૪૮૨૨



## મનોરંજન સમિતિ પ્રસ્તુત શરદોત્સવ - ૨૦૧૮

અષાઢિ બીજના પ્રોગ્રામ માં જે બેન્ડ અને ટ્રૂપે તમને મનોરંજન કરાવ્યું એજ ટ્રૂપ ફરી આપની સમક્ષ ગરબા-દાંડિયાની ધમાલ કરવા અને કરાવવા આવી રહ્યા છે.

આ પ્રોગ્રામ તા. ૨૧ ઓક્ટોબર રવિવાર સાંજે ૬.૩૦ વાગ્યે હનુમાન વ્યાયામશાળા માં રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમને માણવા જરૂરથી પધારશો.

### વિવિધ હરીફાઈઓની વિગત નીચે મૂજબ છે.



| | |
|---|---|
| ૦ થી ૫ વર્ષ | બેસ્ટ ટ્રેડિશનલ ડ્રેસ - KIDS |
| ૬ થી ૧૬ વર્ષ | બેસ્ટ ટ્રેડિશનલ વેશભૂષા GIRLS & BOYS |
| | બેસ્ટ ગરબા GIRLS & BOYS |
| | બેસ્ટ દાંડિયા GIRLS & BOYS |
| ૧૭ થી ૩૫ વર્ષ | બેસ્ટ ટ્રેડિશનલ ડ્રેસ MALE & FEMALE |
| | બેસ્ટ ગરબા પ્લેયર MALE & FEMALE |
| | બેસ્ટ દાંડિયા પ્લેયલ MALE & FEMALE |
| ૩૬ થી ABOVE | બેસ્ટ ગરબા પ્લેયર MALE & FEMALE |
| | બેસ્ટ દાંડિયા પ્લેયર MALE & FEMALE |

BEST PAIR NON-STOP DANCER (દરેક હરીફાઈ કેટેગરીમાં ટ્રેડિશનલ વેશભૂષા ફરજીયાત)

સ્પેશલ કોમ્પીટીશન
૧. બેસ્ટ શરદ પૂનમ INDO WESTERN JODI (WHITE-COMPULSORY)
૨. બેસ્ટ કોટી ફોર MALE, બેસ્ટ દુપટ્ટા ફોર FEMALE
૩. બેસ્ટ શરદ પૂનમ ડેકોરેટેડ પ્રોપ FEMALE
(જે પ્રોપ હોયતે WHITE હોવું જોઈએ)

(જા. ખ.)

હરીફાઈની વિગત માટે સંપર્ક : શ્વેતા જાડેજા-૯૯૬૩૩ ૯૯૧૮૮, દર્શના સાવલા-૯૦૩૦૧ ૧૪૫૪૫

દૂધ પૌઆ સાથે અલ્પાહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ભાવભર્યું આમંત્રણ : કિર્તીભાઈ કાપડીયા-પંકજ હીરજી સાવલા-પ્રતાપ જાડેજા

**SPONSORS**

SRI KIRTIBHAI TOKARSHI KAPADIA
SRI PRATAP JILUBHAI JADEJA
SRI PANKAJ HIRJI SAVLA
SRI HEMANG MANIKANT MOMAYA
SRI JAYANT KHIMJI GADA
MATUSRI PUSPABEN K. SANGHVI
SRI KESHAVJI PREMJI CHHEDA
SRI MONIK VINOD DHARAMSHI
MASTER HIRANK MANISH SAVLA

# કેવલ અને કંચન નમકીન

## -: સ્પેશીયલ ખાખરા :-



ઘી સાદા, જીરા, ડાઈટકોરા, મેથી, મેથી મસાલા, મસાલા ગ્રીન મુંગ મસાલા, તીલ બાજરી, માંગરોલી, પાવભાજી, પાનીપુરી ચોરાફરી સેજવાન, કોયડ અને લસણ.

## -: ફસાણ :-



કચોરી, ભાખરવાડી, લાકડીયા, ભાવનગરી ગાઠીયા, બાજરીવડા, ઘઉંપફ, સેજવાન ચકરી, ટમેટો ચકરી, જવારીબોલ, પાસ્તા, નીડીયાદી ભુસો બારીક કેલા વેફર પીળી, મસાલા મરી અને ટમેટો

# Keval & Kanchan Namkeen

## Special Khakra's

Ghee Sada, Jeera, Diet Kora Methi, Methi Masala, Green Mung Masala, Bajar Till, Mangorli, Pavbhaji, Panipuri, Chorapali, Schezwan, Spl. Garlic etc.

## Snacks



Kachori, Bhakarwadi, Bajarwada, Wheat Puff, Schezwan Chakri, Tomato, Pasta, Jowari Ball, Nadiyadi Bhuso Lakadiya Gatiya, Bhavnagri, Thin Banana Waffer (Yellow / Masala) (Mari / Tomato)



**FREE HOME DELIVERY**

**અલ્પા ગાલા – ૯૮૪૯૦ ૧૦૧૬૫**

**ગૌરવ ગાલા – ૯૩૪૬૦ ૧૦૧૬૫**

**બીજલ ગાલા – ૯૫૩૩૫ ૯૦૧૬૫**

# દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ મહિલા મંચ રજત જયંતિ મહોત્સવ

શ્રી કુલપાકજી તીર્થ મધ્યે આજથી ૨૫ વર્ષ પૂર્વે, વર્ષ ૧૯૯૨ માં સર્વ દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ ની મહિલાઓ સ્વ.શ્રી રમેશભાઈ પ્રેમજી લોડાયા તથા સ્વ. શ્રી મણીકાંત મેઘજી મોમાયા ના નેતૃત્વ હેઠળ અને માતુશ્રી મધુરીબેન નવિનચંદ સોનાવાલાના રાહબળથી એકત્રીત થયેલ. જેની ફળશ્રુતી સ્વરૂપે તા. ૧૯-૯-૧૯૯૩ના રોજ શ્રી હૈદ્રાબાદ કચ્છી દશા ઓસવાલ જૈન મિત્ર મંડળના સ્નેહ મિલનમાં સ્વ. શ્રીમતી મંજુબેન નવિનચંદ્ર મૈશેરીના માર્ગદર્શન હેઠળ શ્રી કચ્છી દશા ઓસવાલ મહિલા મંચ હૈદ્રાબાદની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં પ્રમુખ પદે શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા, ઉપ પ્રમુખ પદે સ્વ. શ્રીમતી ઉષાબેન નવીનચંદ્ર મોમાયા, માનદમંત્રી પદે શ્રીમતી ગીતાબેન હંસકુમાર સાયલાની વરણી કરવામાં આવી હતી.

આજ રીતે દક્ષિણ ભારતમાં વસતા નાના મોટા શહેરોમાં જુદા જુદા ઘટકોની મહિલામંચની સ્થાપના કરવામાં આવેલ હતી, જેમ રોલીંગ શીલ્ડ ફરે તેમ આ મંચનો કાર્યભાર પણ દર બે વર્ષ આલ્ફાબેટીક ઓર્ડર મુજબ ફેરવવાનું નક્કી કરેલ. ગત વર્ષે ૨૦૧૭-૨૦૧૯ માં હૈદ્રાબાદ મંચને આ કાર્યભાર સોંપવામાં આવેલ હતો. કચ્છી દશા ઓસવાલ જૈન એકમ મહિલા મંચને કાર્યશીલ થયે ૨૫ વર્ષ થતા આ વર્ષે હૈદ્રાબાદની મહિલા મંચની કમીટી મીટીંગમાં તા. ૧૩-૧-૨૦૧૮ ના દક્ષિણ ભારતની મહિલામંચની રજત જયંતી મહોત્સવ ઉજવવાનું શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયાના પ્રમુખપદ હેઠળ નક્કી કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન હૈદ્રાબાદની પદાધિકારીઓની સંમતિ મેળવી તા. ૨૧,૨૨,૨૩ સપ્ટેમ્બર ૨૦૧૮ ના હૈદ્રાબાદ નજીક આવેલ અલંક્રીતા રીસોર્ટ મધ્યે આ રજત જયંતિ મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ. દક્ષિણ ભારત ક.દ.ઓ. મહિલા મંચની બહેનોને આ કાર્યક્રમમાં જોડાવવા આમંત્રીત કરવામાં આવેલ, જેના અંતર્ગત બહારગામથી આશરે ૧૦૦ જેટલી બહેનોએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું.

તા. ૨૦ મી સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ મહિલામંચ હૈદ્રાબાદથી કમીટી સભ્યો તથા લાયન્સ કલબના પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગવર્નર ઓફ મુંબઈ શ્રીમતી ભાવનાબેન શાહ નું આગમન અલંક્રીતા રીસોર્ટમાં થયુ હતું. મહેમાનોની આગતા સ્વાગતા તથા વિશેષ વ્યવસ્થા માટે હૈદ્રાબાદ મહિલમંચની કમીટી સભ્યો મહોત્સવની ઉજવણી સ્થળ પર એક દિવસ અગાઉજ સાંજના પહોંચી ગયેલ.

તા. ૨૧-૯-૨૦૧૮ ના રોજ સવારના ૬ કલાકેથી ગદગ, હુબલી, કલીકટ, કોપલ, સેલમ, બેલ્લારી, ચેન્નઈ, કોચીન, બડગરા, રાયચુર, બેંગ્લોર વિગેરે સ્થળો પરથી મહેમાનોનું આગમન શરૂ થયું. મહેમાનોના સ્વાગત માટે મહિલામંચ કમીટીની બ્હેનો પોતાની ટીમ સાથે રેલ્વે સ્ટેશન પર પહોંચી ગયેલ.

મહેમાન બહેનો અલંક્રીતા પહોંચતા, તેમનું સ્વાગત ઢોલ તથા શરણાઈ ના સુરના તાલે કરવામાં આવ્યું તથા કંકુ ને ચોખા વડે તિલક કરીને સર્વે માનવંતા મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કરાયું. પધારેલ સર્વે સખીઓનું સુંદર બ્રોચ, જ્યુટબેગ, પેન, સ્ક્રીબલીંગ પેડ તથા પરસનલાયસ્ડ નેમ બેડ્ઝ (Badge) ભેટ રૂપે

આપવામાં આવેલ. સર્વે મહેમાનોનું મધ્યાહ્ન સમય સુધી અંલક્રીતા રીસોર્ટમાં આગમન થઈ ગયું હતું. મધ્યાહ્ન સમયના ભોજન બાદ સ્વપરિચયનો કાર્યક્રમ યોજાયો જેમાં સૌ બહેનો હોંશભેર અને વિવિધતા સભર પોતાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સહુએ મુંબઈથી પધારેલ શ્રીમતી ભાવનાબેન શાહ દ્વારા આર્ટ ઓફ લવીંગ એન્ડ લીવીંગ, વિષય પર અપાયેલું ખૂબજ પ્રભાવશાળી વક્તવ્ય માણ્યું હતું.

સાંજના ૭ કલાકેથી સહુ આવેલ સખી બ્હેનોએ વિચાર વિમર્શ ના કાર્યક્રમ અંતર્ગત પોતપોતાના અભિપ્રાયો રજૂ કરેલ અને મંચની ગતીવિધિઓને પોતે કેવી રીતે મદદ રૂપ થઈ શકે અને એમાં હજુ ક્યા પ્રકારના સુધારા વધારા કરવા તે બાબતે ચર્ચા કરવામાં આવેલ. વિવિધ ક્ષેત્રો જેવાકે બેંકીંગ, નવી ટેક્નોલોજી વિલ બનાવવાની જરૂરીયાત, આર્થીક સહાય વગેરે ક્ષેત્રો મધ્યે સ્ત્રીઓને શિક્ષિત કરવા ત્યા સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રી ઉત્થાન માટેના વિચારો પ્રગટ કરવામાં આવેલ હતા. ત્યારબાદ સંગીતના સથવારે ભાવતું ભોજન માણી સહુ આરામ અર્થે છૂટા પડ્યા હતા.

તા. ૨૨-૯-૨૦૧૮ ની વહેલી સવારે મેજબાન અને મહેમાન બહેનો માટે ખૂબજ યાદગાર રહી હતી. શ્રીમતી ભાવનાબહેન શાહ ના ધ્યાન અને યોગ મુદ્રાઓના સમન્વય દ્વારા બધીજ સખીઓના દિવસની શરૂઆત થઈ હતી.

હૈદ્રાબાદ-મહાજનની સર્વે મહિલાઓ આયોજીત બસો દ્વારા અલંક્રીતા રીસોર્ટ મધ્યે પહોંચતા તેમનું પણ સ્વાગત ઢોલ ને શરણાઈઓના સૂરે કરવામાં આવેલ. ત્યારબાદ સવારે ૧૦.૦૦ કલાકે રજત જયંતિ મહોત્સવ ની ઉદ્દ્યાટન વિધિ કરવામાં આવેલ. જેમાં હૈદ્રાબાદ મહિલામંચની કમીટી સભ્યો દ્વારા નવકાર મંત્ર તથા સ્વાગત ગીત થી શુભ શરૂઆત કરવામાં આવેલ.

ત્યારબાદ માસ્ટર ઓફ સેરીમની દ્વારા સર્વે કાર્યક્રમની બાગડોર સંભાળવામાં આવેલ, હૈદ્રાબાદ મહિલામંચના પ્રમુખ શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા, માનદ મંત્રીણી શ્રીમતી ગ્રીષ્માબેન ગીરીશ મોતા, દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ મહિલામંચના સ્થાપક પ્રમુખ માતુશ્રી મધુરીબેન નવીનચંદ્ર સોનાવાલા, અતિથી વિશેષ - સીંગાપોરથી પધારેલા શ્રીમતી કીર્તીદાબેન ભરતભાઈ મેકાણી, સન્માનનીય અતિથી વિશેષ શ્રીમતી કુસુમબેન હરીશભાઈ ધરમશી, શ્રી કચ્છી દશા ઓસવાલ હૈદ્રાબાદ જ્ઞાતી મહાજન પ્રમુખશ્રી ધનપતભાઈ મોતા તથા માનદમંત્રી શ્રી હિરેનભાઈ મુળજી પટેલ, દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના માનદમંત્રી શ્રી સતીષભાઈ દેવજી મૈશેરી તથા ઉપપ્રમુખ શ્રી મુલચંદભાઈ મોતા, સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના માનદમંત્રી શ્રી નીશીતભાઈ દંડ, વિ. મંચસ્થ થયેલ.

મંચસ્થ સર્વે મહાનુભાવો દ્વારા સૌ પ્રથમ જ્ઞાતિ શીરોમણી શ્રી નરશી નાથાની છબીને ફૂલહાર દ્વારા પુષ્પાંજલી અર્પણ કરી દિપ પ્રજવલ્લીત કરવામાં આવેલ જેમાં સર્વે હૈદ્રાબાદ મહિલા મંચ કાર્યશીલ કમીટીની બ્હેનો પણ જોડાયેલ.

સૌ પ્રથમ શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા દ્વારા આવેલ સર્વ મહેમાનોને આવકારવામાં આવેલ અને સહુ દાતાઓનું અભિવાદન અને ધન્યવાદ કરવામાં આવેલ અને દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ

જૈન એકમ મહિલા મંચની ગતિવિધિઓથી સહુને અવગત કરાવેલ. આ રજત જયંતી મહોત્સવની સફળતામાં સર્વે દાતાશ્રી પરિવાર, બહારગામ તથા હૈદ્રાબાદથી પધારેલ સૌ મંચની બહેનો તથા વિશેષ રૂપે પધારેલ ચીફ ગેસ્ટ ફાઉન્ડર પ્રેસીડન્ટ, ગેસ્ટ ઓફ ઓનર, દક્ષિણ ભારત એકમના ઉપપ્રમુખ, માનદ મંત્રી સાથોસાથ હૈદરાબાદ જ્ઞાતી મહાજનનો સહયોગ રહેલ હોવાનો મત તેમણે વ્યક્ત કર્યો હતો. ઉપરાંત આવતી પેઢીને નવી ટેક્નોલોજીનું ઘણું જ જ્ઞાન છે તો જનાર પેઢીની આવડત અને અનુભવ તથા આવનાર પેઢીના જ્ઞાનનું સમન્વય આ મહિલા મંચને આગળ વધારવામાં મદદરૂપ થશે તેવું સ્વપ્ન તેમણે વ્યક્ત કર્યું હતું.

મંચસ્થ સર્વે પદાધિકારીઓનો પરિચય આપી એમને મોમેન્ટો દ્વારા સન્માનીત કરવામાં આવેલ ત્યારબાદ સર્વે મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન દ્વારા પધારેલ મહેમાનોને સંબોધિત કર્યા હતા. સમસ્ત મહાજનના મંત્રીશ્રી નીશીતભાઈ દંડ દ્વારા પણ પ્રાસંગીક પ્રવચન દ્વારા પોતાના વિચારો રજૂ કરાયા હતા.

કાર્યક્રમ મધ્યે સર્વે દાતા પરિવારનું સ્વાગત સન્માન કરી એમને એક નાનકડુ સંભારણું આપી સન્માનીત કરવામાં આવેલ.

વિવિધ કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલ તથા વિવિધ ક્ષેત્રે સમાજ સેવા તથા માનવ સેવા પ્રદાન કરવા હંમેશા અગ્રેસર રહેનારા માતુશ્રી ઈન્દુબેન ધરમશી (હુબલી) તથા શ્રીમતી અલ્પાબેન ધરમશી (બેંગ્લોર) નું મોમેન્ટો આપી વિશેષ અભિવાદન કરવામાં આવેલ. શ્રીમતી પલ્લવીબેન લલીત ધરમશી દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ.

આ રજત જયંતી મહોત્સવ મધ્યે ભાવતા ભોજનની સુંદર વ્યવસ્થા શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા તથા ગૌરવભાઈ મણીકાંત મોમાયા દ્વારા કરવામાં આવેલ. તેઓ આ રજત જયંતી મહોત્સવના મુખ્ય દાતા હતા. દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ તથા માતુશ્રી મધુરીબેન નવીનચંદ્ર સોનાવાલા પરિવાર પણ આ કાર્યક્રમના મુખ્ય દાતા હતા, જેમનો વિશેષ આભાર માનવામાં આવેલ.

બપોરના ભોજન બાદ અમદાવાદથી આવેલા પ્રસિદ્ધ ગુજરાતી લેખિકા, વક્તા શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય દ્વારા ''સ્ત્રી અને સમાજ'' અને 'સંબંધોની સમજણ' વિશે વક્તવ્ય અપાયું હતું જેનાથી સહુ ખૂબજ પ્રભાવિત થયા હતા. તેમણે સહુને મુંઝવતા અનેક વ્યક્તિગત પ્રશ્નોના ઉકેલ પણ પ્રસ્તુત કર્યા હતા.

સાંજના સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજનમાં હૈદરાબાદની કુમારીકાઓ દ્વારા સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરાયું હતું, ત્યારબાદ બેંગ્લોર, કોચીન, ગદગ, હુબલી તથા હૈદરાબાદની બહેનો દ્વારા વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કરાયા હતા. ત્યારબાદ ઢોલીના ઢોલ સાથે સહુ મહેમાનોએ મટુકડી, ઢોલરાંધ અને મનમુકીને ગરબા માણ્યા હતા.

તા. ૨૩-૯-૨૦૧૮ ના રોજ સવારના ચા-નાસ્તા બાદ સહુ અતિથિગણ શ્રી કુલપાકજી તીર્થ તરફ આયોજીત બસો દ્વારા પ્રયાણ કર્યું, ત્યા સહુએ પૂજા પાઠ કરી બપોરનું ભોજન લઈ પોતપોતાના નિર્ધારીત સ્થાન તરફ પ્રયાણ કર્યું હતું.

(જા.ખ.)

# हार्दिक श्रद्धासुमन







**स्व. शामजी नरशी मोमाया**
धर्मप्रेमी, करुणा सागर, समताभावी
स्वर्गवास ता. 20-9-2001

**स्व. कस्तुरीबेन शामजी मोमाया**
(धर्मपत्नी : स्व. शामजी नरशी मोमाया)
स्वर्गवास दि. 19-09-2002

(वारापधर-कच्छ)

मीठी मधुर स्मृतियां आपकी, कभी नही मिट पायेगी,
आपका व्यवहार आपकी बाते, सदैव हमें याद आयेगी।
कल तक जो था साथ आपका, रह गया बन के आज एक सपना,
चमक रहे हो आप सितारों में, रहोगे हर पल हमारी यादों में ।।



हंसाबेन - हरीश शामजी नरशी मोमाया परिवार
शा. नरशी वेलजी मोमाया परिवार
सुधाबेन - मणीलाल विकमशी परिवार (शोलापुर)
विणाबेन - गुलाबचंद मैशेरी परिवार,
रेखाबेन - सोमचंद माणेकजी परिवार (मुम्बई)
जयश्रीबेन - कौशीक पटेल परिवार



**Navkar Motors** - Deals in Antique Cars & Spares
Harish Shah Ph: 9849057783, 9160262563

atlas-jagirdar

# વિવિધા

## પૌષ્ટિક ભોજન તૈયાર કરવાની ટિપ્સ

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

આહારમાં ફક્ત પૌષ્ટિક પદાર્થ લેવાનું નિષ્ણાતો વારંવાર કહેતા રહે છે. રોજબરોજની ઉતાવળમાં સામાન્ય રીતે રસોઈ ઝટપટ બનાવી દેવામાં આવતી હોય છે. આમ કરવાથી ભોજનનો સ્વાદ કદાચ જળવાઈ રહેતો હશે પણ તેના પોષક ગુણો નાશ પામે છે. પૌષ્ટિક ભોજન તૈયાર કરવાની યોગ્ય પદ્ધતિની જાણકારી હોવી જરૂરી છે. યોગ્ય જાણકારીનો ઉપયોગ કર્યાબાદ ભોજન બનાવવામાં આવે ત્યારે જ વિવિધ વાનગીમાં તેના ગુણો જળવાઈ રહે છે. ભોજનમાં પૌષ્ટિક્તા અગત્યની ગણાય છે.

**લસણ અને કાંદા :** કાંદા અને લસણમાં વિટામિન બી-૬, વિટામિન સી, પોટેશિયમ, ફાઈબર સમાયેલું છે. લસણ કે કાંદાને સાંતળતા પહેલાં ૧૦ મિનિટ પહેલાં કાપીને રાખો. ધીમા તાપે બનાવીને તેનો ઉપયોગ આહારમાં કરવાથી રોગ પ્રતિકારક શક્તિ વધારે છે.

**ટમેટા :** ટમેટાંમાં વિટામિન સીનું પ્રમાણ ભરપૂર માત્રમાં સમાયેલું છે તેની જાણ વાસ્તવમાં સર્વેને હોય છે. ટમેમાટંને બાફીને ખાવાથી તે પચવામાં હલકા બને છે. પ્રોસેસ્ડ ટમેટાંમાં લાઈકોપિન માત્રા તાજા ટમેટાં કરતાં વધુ હોય છે. ટમેટાં કાચા ખાવા કરતાં તેને બાફીને ખાવા વધુ પૌષ્ટિક ગણાય છે.

**કારેલાં :** કારેલાં ભલે સ્વાદમાં કડવાં હોય પણ તેનામાં ઔષધીય અને પૌષ્ટિક્તાનો ખજાનો સમાયેલો છે. કારેલાંને ધીમી આંચ ઉપર ઓછા મસાલાનો ઉપયોગ કરીને પકાવવાથી તે વધુ ગુણકારી બને છે. કેટલાંક લોકો કારેલાંને બાફીને તેનું શાક બનાવે છે. કારેલાંને બાફ્યા બાદ તેના પાણીને ફેંકી દેવાને બદલે તે પાણીમાં થોડું મધ તથા લીંબુનો રસ ભેળવીને પી જવું. સ્વાસ્થ્ય માટે અતિ ગુણકારી ગણાય છે. લોહી સંબંધિત વિવિધ વિકારો દૂર કરવામાં ઉપયોગી ગણાય છે.

**બ્રોકોલી અને ગાજર :** બ્રોકોલી અને ગાજર ધીમે તાપે બાફ્યાબાદ તેને સ્ટર ફ્રાય કરવું. આમ કરવાથી તેનો લીલો રંગ અને લાલ રંગ જળવાઈ રહે છે. ગાજર કે બ્રોકોલીને ઉકાળીને ખાવાથી તેનામાં મોટા પ્રમાણમાં એન્ટિ ઓક્સિડન્ટ મળે છે. ગાજરમાં વિટામિન એ, લ્યૂટિન અને ફોલેટ જેવા સત્વો સમાયેલા છે.

**તેલ :** વઘારમાં કે તળવા માટે તેલનો ઉપયોગ કરતી વખતે વધુ પડતું ગરમ કરવાથી તેલમાં સમાયેલા કુદરતી ગુણ નાશ પામે છે. વળી તેલમાં ટ્રાન્સ ફેટી એસિડનું પ્રમાણ વધે છે. વધુ પડતાં ગરમ કરેલાં તેલનો ઉપયોગ આહારમાં કરવાથી હૃદયની કે શરીરના વિવિધ ભાગોમાં લોહી યોગ્ય પ્રમાણમાં પહોંચતું નથી. બીમારીનો ભય વધે છે.

**DONATE EYES - LIVE TWICE**

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

---

Pick up & Drop

**CHERIAN NATIONAL**

**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

---

DEEPAK MAVJI DHAROD  Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

---



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઈમ-હેલ્થ ઈન્સુરેન્સ માટે

સંપર્ક કરો : **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

---

**abha**

be gorgeous

*Ladies Beauty Parlour & Makeup Studio*

by Bhavini Patel

**Address : 3-4-58/2, Opp. Raghavendra Temple, Kachiguda, Hyderabad - 500 027. Ph : 99081 83870**

(જા.ખ.)

# વિવશતા આજના યુવાનની

લેખક : 'અજ્ઞાની' મહેન્દ્રવોરા

આજ વાત કરીશું યુવાનોની, હા ફક્ત યુવાનોની કારણકે યુવતિઓને આવી મુસિબતોનો સામનો કદાચ નહિંવત કરવો પડે છે. આજથી દસ બાર વર્ષ પહેલાં જેમના પોતીકા ધંધા-દુકાન વગેરે હોયતો એમના છોકરાં બહુ બહુ તો બી.કૉમ. નો અભ્યાસ કરી વેપાર ધંધામાં કે પિતાના કારોબારમાં સ્થિર થઈ જતાં ને બધા નો સહિયારો ધંધો હોય, તે સંયુક્ત કુટુમ્બોમાં રહેતાં આવક વધતી ને એક માંથી બે ત્રણ દુકાનો પણ કરી લેતા. છોકરાંઓ ના લગ્ન ૨૪-૨૫ વર્ષની ઉમરમાં થઈ જતાં. સામે પક્ષે છોકરીઓ પણ કોલેજ સુધી ભણીને લગ્નબાદ આદર્શ ગૃહિણી બની રહેતી. બે ત્રણ વર્ષે સંતાનો થાય ને જીવન આનંદને સંતોષથી પસાર થતું. વળી ધંધાને ઘરો માં બે ત્રણ કુટુમ્બો સાથે રહેતાં હોવાથી વ્હેવારોમાં લગ્ન પ્રસંગોમાં હરવા ફરવામાં ને સાથે સાથે વડિલોને યાત્રાઓ આરામથી કરાવી શક્તા.

હવે પરિસ્થિતિ એકદમ પલ્ટી ગઈ છે વધુ થી વધુ અભ્યાસ કરવો, વિવિધ ડીગ્રીઓ મેળવવી વધુ અભ્યાસ માટે વિદેશ જવું, ને ત્યાર પછી નોકરી મેળવવા અહીં થી તહીં કંપનીઓમાં ઈન્ટરવ્યુ આપવા, કિસ્મત સાથ આપે તો સારી કંપનીમાં સારી નોકરી પણ મળી જાય, છતાં સ્થિરતા આવતાં સમય લાગે છે, વળી નોકરી બીજા શહેરોમાં મળે તો કુટુમ્બથી દૂર રહેવું પડે છે. ને આમાંજ ઉમર ક્યારે ૩૦-૩૨ ની થઈ જાય ખબર નથી પડતી. ઘરમાં વડિલોને યુવકના લગ્ન બાબત સતત ચિંતા થાય. ૨૭-૨૮ વર્ષે જ્યારે ઘર વાળા લગ્ન માટે દબાણ કરે ત્યારે યુવક કહે પહેલા મને બરોબર સેટ થવા ધો પછી બધી વાત. એક તરફ એ પણ સાચો હોય છે. કારણ કહે પહેલાના સમયમાં ઘરના ધંધા હોય તો સગપણો જલ્દી થઈ જતાં આવક બાબત કોઈ ચોક્કસ માપદંડ ન રહેતો. કન્યાના મા-બાપ વિચારતાં કે પોતીકો ધંધો છે, ને બધા સંયુક્ત માં રહે છે. છોકરી દુ:ખી નહીં થાય, ને કુટુમ્બમાં રહેતા કેળવાઈ જશે.

પણ હવે તો બાબાનો ભલે ને ધંધો હોય પણ છોકરો કેવી કમ્પનીમાં કામ કરે છે ? એને કેટલો પગાર છે ? ડ્યૂટી નો શું ટાઈમીંગ છે, લગ્નપછી આપણી બેબી ને જોબ કરવા આપશે કે નહીં ? ઘરમાં વધારે સભ્યોતો નથી ને ? કેટલા ભાઈ બહેનો છે ? પરણેલાં સાથે રહે છે કે અલગ વગેરે જીણવટ ભરી છણાવટો થાય ત્યાર પછી બધુ સમુસુતરૂં પાર ઉતરેતો માંડ ચોકઠાં ગોઠવાય...

આમાં યુવાન એટલો દુવિધામાં હોય છે કે જલ્દી ફેસલો કરી નથી શક્તો કારણ કે હવે ઉમર વધતી જાય છે. માંગા ઓછા થતા જાય છે માટે બધી રીતે બાંધછોડ કરવા તૈયાર થઈ જાય છે. સામે પક્ષે છોકરીઓ જોબ કરતી થઈ તેથી હાથમાં પૈસા આવતા લાઈફ સ્ટાઈલ અને ખર્ચા વધતા જાય છે. જીવન સાથી વિશે એની કલ્પનાઓ અને અપેક્ષા વધતી જ જાય છે. વળી લાગણીઓમાં તણાઈને મા-બાપ પણ એની વાત માનવા વિવશ થઈ જાય છે ને નોકરી કરતી હોય પિયરમાં બિચારી ( ?) ને ખાસ કંઈ કામકરવું પડતું નથી.

બીજી તરફ પરણીત યુવાનોની જવાબદારીઓ વધતી જાય છે જોબ સંભાળો, વડિલો ની સંભાળ રાખો સાથે સાથે પોતાનું દાંપત્ય જીવન જીવવું. એમ એક સાથે બે ધારી નહીં અનેક ધારી તલવાર પર ચાલવું પડે છે. ભૌતિક સગવડો વધે છે ને તે માટે સાધનો વસાયવા પડે છે માટે ડાઉન પેમેન્ટ પણ ચાલુ થઈ જાય છે. તેમાં ક્યાંક પાંકુ પડે ને ખટરાગો ચાલૂ થઈ જાય છે. એની ગૃહસ્થી બચાવવામાં મા-બાપ સામેથી એને અલગ રહેવાનું કહે છે. અમે નિભાવી લઈશું, ને કચવાતા મને અલગ થાય છે. પોતાના સંતાનો થાય પછી લાગણીઓ ના તાંતણા ક્યારે તુટતાં જાય તેની કંઈ સમજ પડતી નથી ને જીવનમાં જડતા આવી જાય છે.

ભુતકાળ ને જુએ ત્યારે ખ્યાલ આવે કે લાઈફ ને સેટ કરવામાં હું કેટલો લેઈટ થઈ ગયોને જીંદગીનો સુવર્ણ સમય ખોઈ નાખ્યો. ને ત્યારે એને વિતેલી પળોની સતત યાદ સતાવે છે.

પણ ફિર પછતાયે ક્યા હોગા, જબ સમય ન અપને પાસ હોગા.

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)

ફીણીયા લાડુ

નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)

અલશી મખાના લાડુ (કેલશિયમ–વિટામીનથી ભરપુર)

ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)

ઓટસ મખાના લાડુ

ગોળ પાપડી

ગોળીયા લાડુ

કોકોનેટ બિસ્કીટ

સાંગલીના ભડંગ

શીંગદાણાની ચટણી

સિકંદરના ખારી સીંગ

સિકંદરના ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા મેથી મસાલા ખાખરા ચોરાફળી ખાખરા સાદા ખાખરા, ઘી ખાખરા, મઠના ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA**

**89857 59320, 82477 89295**

(જા.ખ.)

# યુવાન વયે જો સાંધાનો દુખાવો શરૂ થાય તો એની વ્યવસ્થિત તપાસ કરાવો

આ બીમારીનું નિદાન થોડું અઘરું છે, જે એક્સપર્ટ ડૉક્ટર કરી શકે છે. જલદી નિદાન ન થાય અને સમયસર ઈલાજ ન મળે તો વ્યક્તિના જીવ પર જોખમ તોળાઈ શકે છે.

જે પોષતું તે મારતું એ જ સંસારનો નિયમ. આ નિયમ ઓટોઈમ્યુન ડિસીઝમાં પણ લાગુ પડે છે. આપણા શરીરની ઈમ્યુનિટી એટલે કે રોગપ્રતિકારક શક્તિ વાઈરસ, બેક્ટેરિયા જ્યારે આપણા પર હુમલો કરે છે ત્યારે એના પર એટક કરીને શરીરનું રક્ષણ કરે છે. આપણી આ શક્તિ જેટલી પ્રબળ એટલા આપણે રોગમુક્ત રહી શકીએ. પરંતુ આ શક્તિ ક્યારેક વિચિત્ર રીતે વર્તે છે. ક્યારેક રોગપ્રતિકારક શક્તિ ખરાબ વાઈરસ, બેક્ટેરિયાને મારવાના બદલે શરીરના સારા કોષો પર જ હુમલો કરી બેસે છે. આ સજોગોમાં ઑટોઈમ્યુન ડિસીઝ થાય છે. ઓટોઈમ્યુન ડિસીઝ ઘણા અલગ-અલગ પ્રકારના હોય છે અને એની અસર શરીરના અલગ-અલગ ભાગ પર થતી હોય છે. આજે આવા જ એક ઑટોઈમ્યુન ડિસીઝ લુપસની આપણે વાત કરવી છે, જે એક સિસ્ટમિક ઑટોઈમ્યુન ડિસીઝ છે. એને કારણે આવતા ઈન્ફ્લમેશનને કારણે શરીરના અલગ-અલગ ટિશ્યુ અને અંગો પર અસર થાય છે જેમ કે સાંધાઓ, સ્કિન, કિડની, લોહીના કોષો, મગજ, હાર્ટ અને ફેફસાં.

## કોને થાય ?

લુપસ કોને થઈ શકે છે ? લુપસ યુવાનોને થતો રોગ છે. ખાસ કરીને ૧૫-૪૦ વર્ષના લોકોને આ રોગ થાય છે. આ રોગ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે. લુપસના દસ દરદીઓ હોય તો એમાંથી ૯ સ્ત્રીઓ હશે અને ૧ પુરૂષ. આમ ૯૦ ટકા દરદીઓ સ્ત્રીઓ છે. સ્ત્રીના શરીરમાં બાળક જન્મે પછી, મેનોપૉઝ સમયે, પ્યુબર્ટી સમયે જ્યારે શરીરમાં હોર્મોનલ બદલાવ આવે છે ત્યારે લુપસ આવવાનું રિસ્ક વધુ રહે છે.

## ચિહ્નોને ઓળખો

શરૂઆતમાં લુપસ એકદમ માઈલ્ડ ફોર્મમાં હોય છે. પછી ધીમે-ધીમે એની તીવતા વધી શકે છે. એ માઈલ્ડ ફોર્મમાં હોય ત્યારે જ જો એને રોકી દેવામાં આવે તો રિસ્ક ઘટે છે. શરીરના નાના સાંધાઓ જેમ કે હાથના, આંગળીના સાંધાઓનો દુખાવો શરૂ થાય છે. ધીમે-ધીમે સ્કિન પર રેશ આવવાનું પણ શરૂ થાય છે જેમાં મોઢા પર આવતા બટરફ્લાય રેશ આ રોગનું ખૂબ જાણીતું ચિહ્ન છે. આ બે ચિહ્નો જ એવાં છે જે ઉપરથી દેખાય છે કે સમજાય છે અને એને લઈને જ્યારે દરદી ડૉક્ટર પાસે આવે ત્યારે તેનું સંપૂર્ણ ચેક-અપ કરાવવું પડે છે જેથી જાણી શકાય કે ક્યા અંગ પર કેટલી અસર છે.

## ઈલાજ

તમારા શરીરની અંદર આવતો આ એ પ્રકારનો બદલાવ છે, જેને પહેલેથી સમજી શકાતો નથી ને એક વખત એ બદલાવ આવે પછી એને દૂર કરી શકાતો નથી, પરંતુ અટકાવી ચોક્કસ શકાય છે. આ એક એવો રોગ છે જે સંપૂર્ણ ક્યોર થઈ શકતો નથી. પરંતુ દવાઓ દ્વારા એને કાબૂમાં લઈ શકાય છે અને એને કાબૂમાં લેવો અત્યંત જરૂરી છે.

## હરપલ મિઠાસ... હોમ મેડ સ્વિટ્સ

**સ્પેશ્યાલીસ્ટ ઈન મીની સાટા**

| | |
|---|---|
| ✓ અડદીયા પાક | ✓ ચુરમા લાડૂ |
| ✓ મોહન થાળ | ✓ શાહી લાડૂ |
| ✓ ફીણીયા લાડૂ | ✓ ખજુર રોસ |
| ✓ ગોળીયા લાડૂ | ✓ ડીંક લાડૂ |
| ✓ ગોળપાપડી | ✓ શિંગદાણા લાડૂ |
| ✓ ગુંદર પાક | ✓ રવા લાડૂ |
| ✓ ઓટ્સ લાડૂ | ✓ બેસન લાડૂ |

Contact : **RUPAL H. SAVLA**

Arihant Basera, Flat No. 102, Kachiguda, Hyderabad

**Ph : 81064 59594**

(જા.ખ.)





# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last Month's Quiz : -**

A) ૧) દશરથ
૨) પવનપુત્ર ૩) દહિંસર
૪) રામદાસ-હરિદાસ-દેવદાસ
૫) પાલક ૬) નાગપુર
૭) ચિંતામણી ૮) જલગાંવ

B)




**The persons who have given correct answers are :**

Alka Nilesh Savla
Aruna Shah
Ajitkumar Mota
Aditya Prasanth Premji Gajra
Bharati K. Dharod
Darshana Jitesh Gala
Dhrupti Himeshkumar Dodhia
Dipti Atul Sayla
Heena Vijay Dedhia
Heena Vipul Gala
Jeevin J. Chauhan
Jyoti Laxmichand Nagda
Kalpana Hiren Patel
Keval Savla
Mamta Ketan Vora
Meeta M. Pasad
Madhuri Mahendra Heniya
Mayank A. Shah
Neil Dharod
Neena Dharod
Naresh Mansi Shah
Nirmala V. Maru
Nirmala Vardhman Shah
Prachiti Dedhia
Preeti Niren Furia
Poonam Pradeep Sanghvi
Rajul Rakshit Maru
Riddan Chheda
Rachana Shah
Sonal Piyush Gosar
Susheela Kapadia
Swayam Vora
Tarachand Heniya
Trushali Sanjay Lalka
Visakha Harish Maru
Vandana Haria
Veena Gosar
Vinod J. Shah
Yogesh Navinchandra Anandji Nagda

## QUIZ FOR THE MONTH

(A)




(B) આ માસની ઉલટ પુલટ ક્વીઝમાં તમારૂં સ્વાગત છે. નીચેની ક્વીઝમાં તમારે ખાલી જગ્યાઓ ભરવાની છે. દરેક ક્વીઝમાં જે શબ્દથી પહેલી જગ્યા ભરો તેના ઉલ્ટા શબ્દથી બીજી જગ્યા ભરવાની રહેશે.

દા.ત. : આજના શાકનાં ......... માં .......ન હતો.
જવાબ : ૧) રસા ૨) સાર

૧) જાઓ તમે વનમાં ............ સાથે ...........
૨) તમ તમારે ................ થી ................
૩) ........... પર રોટલી મુકી ........... ન કરો
૪) આ ગામની ..........પર મારી ........ રહે છે.
૫) ........... ને શાળામાં આજે ........... પડ્યો
૬) ઢોકળા માટે .......... ને થોડી .......... દહીંમાં પલાળો
૭) તું પ્રભુને ................ થી ................
૮) ............. માં ........... પ્રકારના ફળો છે.
૯) .............. પીવામાં .............. ન કરાય
૧૦) પહેલા સહુના દિલ પર ૧)........... ૨)......... તો કરી બતાવો.

As usual, please send your answers by whatsup to the above mobile number before 31st October.


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09
(જા.ખ.)




**Happy Ugadi - Sri Ramnavami - Hanuman Jayanti & Mahavir Jayanti to All.**



શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર, કાચીગુડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. તેલંગાના. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫ ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

# TIRTH YATRA UNLIMITED

તમારે ફક્ત એટલુજ કરવાનું આ આયોજનમાં જોડાઈ ૧૨૦ મહિના સુધી નીયમીત દર મહિને મહીનાની પાંચ તારીખ સુધી રૂા. ૧૦૦૦/- શ્રી સંઘ પાસે જમા કરી તમારી પાસ બુકમાં નોંધ લઈ લેવી.

આ યોજનામાં જાડેનાર પ્રત્યેક યાત્રિકોને દર મહીને શ્રી કુલપાકજી તથા શ્રી મેડચલ જીનાલયની યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે તથા ડિસેંબરના છેલ્લા અઠવાડિયાના આયોજીત મોટી યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે.

આ યોજના જાનેવરી ૨૦૧૯ થી લાગુ પડશે અને ડિસેમ્બર ૨૦૧૯ના મોટી યાત્રાનો આયોજન થશે. દર વર્ષે વિવિધ યાત્રામાં આયોજનનું પ્રયત્ન હશે. આ યોજનામાં મર્યાદીત ૧૦૦ સભાસદો લેવામાં આવશે માટે વહેલો તે પહેલો ધોરણે નોંધણી થશે જેનું ખાસ લક્ષ્ય રાખવા વિનંતી.

જીવવની આ સુંદર તક ગુમાવશો નહીં. બચત સાથે સાથે સુંદર ધર્મ આરાધના નો પુણ્યાર્જન થશે માટે વધુ વિચાર ન કરતા વેલી તકે આ યોજનામાં જોડાવવા ખાસ વિનંતી.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી**
**રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ
હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર

(જી.ચ.)



# One stop services

## on call every time

## for all your needs of

**FINANCIAL** **INSURANCE**

**SAVINGS & TAX PLANNING**

### SERVICES OFFERED

- General Insurance
- Mutual Funds
- Retirement Planning
- Life Insurance
- Postal Schemes
- Tax planning

**Assuring of Services at your Doorstep**

**Face with Confidence, This is our Assurance**

For all your requirements:

**Contact: Financial Consultants**

**Madhusudan Modani: 98491 60807 Lalitha Modani: 92461 50501 / 90308 56836**

**302 Priyanka Enclave, 1-2-288/45 Gagan Mahal, Domalguda, Hyderabad 500029**

**Phone: (R) 040-2760 2297 e-mail: msmodani@gmail.com**




If undelivered please return to

**SHRI KUTCHHI MITRA MANDAL**
Kutchhi Bhavan,
3-5-142, Eden Bagh, Ramkote,
Hyderabad 500 001. A.P.
Phone : 2475 2383, 6594 2383

Printed Matter only. Posted u/c 5A of P&T guide. Hence not to be taxed
BOOK - POST


Printed & Published by SHRI KUTCHHI MITRA MANDAL, 3-5-142, Eden Bagh, Ramkote, Hyd-1 Edited by : Darshana Dedhia & Ramesh Shah
Printed at Chandraprabha Graphics, Shop No. 37, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad. Ph : 66780780, 9849986999, chandraprabhagraphics@gmail.com